ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# અંગ્રેજી શબ્દભંડોળ : એક સૈંધાતિક સમીક્ષા

અજીતભાઈ કે. રાઠોડ

M.A, M.Ed. Ph.D student,

ગુજરાત યુનિવર્સિટી

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## પ્રસ્તાવના

બાળકના ભાષા વિકાસનું મહત્વનું અંગ શબ્દભંડોળ છે. વ્યક્તિ જેમ જેમ વિકાસ પામતી જાય તેમ તેમ તેના શબ્દભંડોળમાં વૃધ્ધિ થતી જાય છે. શબ્દભંડોળ એ ભાષા સમૃધ્ધિનું સૂચક છે. સામાન્ય રીતે બાળકના બીજા વર્ષથી જ શબ્દભંડોળમાં વૃધ્ધિ થવા લાગે છે અને 12 વર્ષની ઊંમર સુધી તો બાળક ઘણાં શબ્દો ગ્રહણ કરી ચુક્યુ હોય છે. બાળકમાં પાયાનું શબ્દભંડોળ પ્રાપ્ત કરવાની કુશળતા હોવી પણ આવશ્યક છે.

## શબ્દનો અર્થ

જીવનની જ્ઞાન ચેતના પાંચ સવેદના પર આધારીત છે : શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. આ સંવેદનામાં શબ્દ મુખ્ય છે. બાળકના જન્મની સાથોસાથ 'શબ્દ' નો જન્મ થાય છે. જન્મ લેતાં જ બાળક રડે છે. શબ્દ અને રસ બંને જીભમાં નિવાસ કરે છે.

સંસારની ઘટનાઓ દેખીતી રીતે લુપ્ત થાય છે
પરંતુ શબ્દરૂપમાં અમર બની જાય છે આથી જ 'શબ્દ' ને અક્ષરબ્રહ્મ કહ્યો છે. કવિ દંડીએ તો કહ્યું છે
કે "શબ્દ જ્યોતિનો પ્રકાશ ન હોય તો આ વિશ્વ અંધકારપૂર્ણ હોત" વિવિધ અભિવ્યક્તિ માટે વિવિધ શબ્દોની જરૂર પડે જ છે. કોઇ રાષ્ટ્ર પોતાની સંસ્કૃતિનો ઉદઘષ કરવા માંગે તો તે શબ્દો દ્વારા જ કરી શકે. રાષ્ટ્રની ભાષાના શબ્દો ઉચિત રહેશે તો રાષ્ટ્રની સંસ્કૃતિ જીવિત રહેશે. "શબ્દ" ભાષાની અને "ભાષા" રાષ્ટ્રની પ્રાણ-ઉર્જા છે.

## શબ્દની વ્યાખ્યા

શબ્દની એક શાશ્વત અને નિશ્ચિત વ્યાખ્યા પ્રાપ્ત નથી કે ઘણાં કારણસર શક્ય નથી. જો કે કેમ્પસ ફી (1969) એ શબ્દની વ્યાખ્યા આપી જે વિશ્વની મોટાભાગની ભાષાઓને લાગુ પડે છે. જો કે વ્યાખ્યાની મર્યાદાને કારણે આપણે તેને સાર્વત્રિક વ્યાખ્યા કહી શકીએ નહી. તેણે નોધ્યું કે, "શબ્દ એ કેટલીક ભાષાકીય સાચા સ્વરૂપને અથવા આવા તથ્યનાં સંબંધનો નિર્દેશ કરે છે. અને કેટલાંક ઔપચારિક લક્ષણોવાળી લાક્ષણિકતા ધરાવે છે જે વાસ્તવિક પણે (સંદર્ભના

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

વાસ્તવિક ઘટક રૂપે ) અથવા સંભ્યવ્યતા રૂપે (શબ્દોના આયોજનના એકમ તરીકે) હોય, નોંધ સૂચવે છે કે શબ્દ એ ભાષાનો શક્તિશાળી અને જાદુકીય ઘટક છે." ધ હિંદુસ્તાન ટાઇમ્સ (જુલાઇ 1991)ના ખાસ રૂપક લેખમાં નીતી પૌલ મહેતા (1991) એ જણાવ્યું છે કે, "શબ્દો એ વાહનો છે જે આપણાં માટે વિવિધ કાર્યો કરે છે તે આપણાં અસ્તિત્વ માટે ખૂબ મહત્વના છે. આપણે શબ્દો વગર વિચારી શકતા નથી. શબ્દો એ જ વિચારો છે. આપણે યોજન, ચિત્ર,
તારણો, રૂપરેખા, ગોઠવણીઓ, નિર્ણયો પસાર કરવા, પ્રાથના કરવી કે સંગીત રચના કરવી જેવા કોઇ કાર્યો શબ્દો વગર કરી શકીએ નહી."

શબ્દચયન

વ્યક્તિ પાસે જેટલાં શબ્દો વધુ હોય અને તે શબ્દોની પસંદગી કરી હોય અને તે શબ્દોની પસંદગી કરી યોગ્ય ઉપયોગાનુસાર લેખનકાર્ય કરે તો જ તેનું ભાષાલેખન સમૃધ્ધ અને પ્રભાવશાળી ગણાય. ભાષામાં નિરર્થક શબ્દને ટાળી હંમેશા સાર્થક શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. શબ્દોની પસંદગીમાં ઉત્પત્તિ, અર્થ અને પ્રયોગને આધારે ઉદ્ભવતા વિવિધ શબ્દોના ઉપયોગને ધ્યાનમાં રાખવામાં આવે છે.

શબ્દઘળતર

VIDHYAYANA

આપણાં વિચારો સામી વ્યક્તિ સમક્ષ રજૂ કરવાઆપણે ભાષાનો ઉપયોગ કરીએ છીએ. આ ભાષા એટલે સરળ રીતે કહીએ તો વાક્યો. વાક્ય એ આપણા વિચાર રજૂ કરવા માટે નો એકમ છે. વાકય શબ્દોનું બને છે. શબ્દ વર્ણો (અક્ષર અર્થાત વધુ સચોટ રીતે કહેવું હોય તો ધ્વનિ) ના બને છે. "ધ્વનિ એ ભાષાનો નાનામાં નાનો ઘટક છે." આમ ભાષા એ ધ્વનિઓની એક પ્રકારની વ્યવસ્થા છે. ધ્વનિઓમાં કેટલાંક સ્વર (vowels) અને કેટલાંક વ્યંજન (consonants) હોય છે. અંગ્રેજી ભાષામાં કુલ 26 અક્ષરો હોય છે. જેમાં A,E,I,O,U એ પાંચ અક્ષરો સ્વર (vowels) છે જ્યારે બાકીના 21 અક્ષરો વ્યંજન છે.

સ્વર (vowels) એવાં શબ્દો હોય છે જેમનું ઉચ્ચારણ બીજા કોઇ અક્ષરની સહાયતા વગર થાય છે. આ મૂળ શબ્દોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે છે તેને તેની પરીમાણ માત્રા

કહેવાય છે. આ પ્રમાણે A,E,I,O,U ના ગુણાત્મક ધ્વનિને લઇને શબ્દોની રચના કરી શકાય છે. અક્ષરની સાથે સ્વર લગાવ્યા વગરનો કોઇ શબ્દ બની શકતો નથી. તે જ પ્રમાણે વ્યંજન અક્ષરની સહાયતા વગર માત્ર સ્વર અક્ષર લગાવીને પણ કોઇ સ્વર બની શકતો નથી.

અંગ્રેજી ભાષામાં અક્ષરોની બે શ્રેણીઓ હોય છે. મોટા અને નાના અક્ષરો. મોટા અક્ષરોને અંગ્રેજીમાં કેપિટલ લેટર્સ અને નાના અક્ષરોને સ્મોલ લેટર્સ કહેવાય છે.

માણસો અવાજ તો ઘણાં કાઢી શકે છે, પણ બધાં અવાજોને વર્ણો તરીકે ઓળખવામાં આવતાં નથી. પણ જે ધ્વનિઓ દ્વારા અર્થ ધરાવતાં એકમો બનાવી શકાય છે તેઓને જ વર્ણો કે વર્ણધ્વનિઓ તરીકે ઓળખવામાં આવે છે. આમ, “અર્થવાળો વર્ણ કે અક્ષરોનો સમુહ એટલે શબ્દ”

ભાષાનું વૈજ્ઞાનિક પૃથક્કરણ :

ભાષા


વાક્યોનો સમુહ

વાક્ય

પદક્રમ+પદસંવાદ+આરોહ-અવરોહ+જંક્ચર

પદ

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal




શબ્દભંડોળ

સંકલ્પના / વ્યાખ્યા :

"શબ્દભંડોળ એટલે શબ્દ વિષયક સજ્જતા"[7] કોઇપણ વ્યક્તિના લેખન કૌશલ્યનાં વિકાસાર્થે તેનામાં શબ્દઘડતરની સમજ હોવી જોઇએ. શબ્દભંડોળ જેટલું સમૃદ્ધ તેટલું લેખનકાર્ય ઉત્કૃષ્ટ.

અંગ્રેજીનાં શબ્દભંડોળને વિવિધ પરિપ્રેક્ષમાં વ્યાખ્યાયિત કરી શકાય છે. લોંગમેન શબ્દકોશ(1985) અનુસાર, “ભાષા, જુથ, વ્યક્તિ અથવા જ્ઞાનના ક્ષેત્રમાં ઉપયોગમાં લીધેલ શબ્દો”[8]

ભાષાકીય શબ્દની વ્યાખ્યાનાં શબ્દકોશ (1985)માં શબ્દભંડોળની વ્યાખ્યા છે કે,“કક્કાવારી નાં ક્રમમાં ગોઠવેલ કેટલાંક મર્યાદિત શબ્દોની યાદી”[9]

વય
અનુસાર શબ્દભંડોળ વિકાસ

સારણી
:

| ક્રમ | શબ્દભંડોળનો વિકાસક્રમ | ઊંમર (અઠવાડિયામાં) |
|---|---|---|
| 1 | પ્રથમ એકાક્ષરી અવાજ | 8.0 |
| 2 | બે અવાજો | 13.0 |
| 3 | અન્યને જોઇને અવાજ કરે | 25.0 |
| 4 | સંગીતમય ગણગણાટ | 32.0 |
| 5 | સ્વર | 35.0 |
| 6 | ઇચ્છાદર્શક અવાજો | 37.5 |
| 7 | પ્રથમ શબ્દ | 60.0 |
| 8 | પ્રથમ અનુકરણાત્મક અવાજ. દા.ત. બાઉં – બાઉં | 66.0 |
| 9 | ચિત્રો ઓળખી શકે. દા.ત.- કૂતરો, બાળક | 84.0-98.0 |
| 10 | સર્વનામનો પ્રથમ ઉપયોગ | 99.0 |
| 11 | શબ્દસમુહનો ઉપયોગ | 101.0 |
| 12 | વાક્યનો ઉપયોગ | 101.0 |

સારણી
:

| વય | અર્થગ્રહણ ક્ષમતા | અભિવ્યક્તિ |
|---|---|---|
| 3 માસ | માનવીય વાણી સમજે છે. સ્મૃતિનો પૂરો અભાવ, વર્તમાનમાંથી સંબંધ સમજવા અને મુખોદ્ગારના સમન્વયનો અભાવ | સામાજિક હાસ્ય, ખિલખિલાટ, સાહજિક, અસંગત ધ્વનિ, બબડાટ. |
| 6 માસ | મિત્રતાપૂર્ણ – શત્રુતાભર્યા અવાજને પારખી શકે છે | અનેક સ્વર ધ્વનિઓ અને પોતાના ધ્વનિઓનું અનુકરણ |
| 9 માસ | ઇશારાની પ્રતિક્રિયા દર્શાવી શકે છે | બધા પ્રકારનાં ધ્વનિ અને સંયોજન |
| 12 માસ | સામાન્ય સંજ્ઞાઓનું પાલન કરી બતાવે છે | શબ્દવિકાસ, આજ્ઞા આશ્રિત કેટલાંક શબ્દો |
| 18 માસ | આજ્ઞાનુસાર સામાન્ય વસ્તુઓ પ્રત્યે સંકેત કરે છે. સરળ સૂચનાનું પાલન કરે છે | લગભગ ડઝન અથવા વધુ શબ્દો સંકેત સાથે શાબ્દિક વ્યવહાર સંક્રમણરૂપે ભાષાનો પ્રારંભ, દ્વિશબ્દીય પદનો પ્રારંભ, શબ્દભંડોળમાં ઝડપી ગતિ |
| 2 વર્ષ | વર્તમાન પરિસ્થિતિ સંબંધી આજ્ઞાઓ સમજે છે. સો જેટલા શબ્દો સમજી શકે છે | ભાષાનું અભિવ્યક્તિ સંક્રમણ સ્વરૂપ, ઉચ્ચારણમાં વિશેષ વ્યક્તિગત વિભિન્નતાઓ, એનો શબ્દભંડાર, સરળપદ, સર્વનામ, જરૂરિયાતોની શબ્દો વડે અભિવ્યક્તિ કરે છે. |

| | | |
|---|---|---|
| 3 વર્ષ | ભૂતકાળ સંબંધ પ્રશ્નો સમજે છે | શબ્દભંડોળમાં વિશેષ વૃદ્ધિ સંરચના વ્યવસ્થિત કરે છે. બહુવચન, કાળ, શબ્દભેદ, વાક્યરચના, ભૂતકાળના અનુભવનું વિવરણ કરે છે. કાર્યની અવેજીમાં ભાષા |
| 4 વર્ષ | સમજણનું વ્યાપક ક્ષેત્ર સમયની અવધિથી મૂંઝવણ | વાક્ય પ્રવિણતાની પૂરી સુદ્ધિ, શિશુ-શૈલી, સંપૂર્ણ અસંબંધ વાણી ધારા, વાચાળતાની અવ્યવસ્થા |
| 5 વર્ષ | બાળપણની વિતેલી ઘટનાઓને સમજે છે. બે હજારથી વધુ શબ્દો સમજી શકે છે. | વધુ સંક્ષિપ્ત અને વિવેચનાત્મક પ્રતિભાવ, વધુ જટિલ વાક્ય, વિશાળ શબ્દભંડોળ |
| 6 થી 8 વર્ષ | સાધારણ વાક્યની પૂરી સમજણ, વાંચનની શરૂઆત, રોજીંદી ભાષાની પૂર્ણ સમજ | ભાષાની ઉચ્ચારણ પ્રવૃત્તિમાં પૂર્ણતા, અભ્યાસ દ્વારા અને પૂર્ણ કરવાનું શેષ રહે. શીખેલી પ્રણાલી પર કાબુ જાળવે છે. |
| William Francis : Language teaching analysis | | |

VIDHYAYANA

શબ્દભંડોળનું
કાર્ય :

કોઇપણ ભાષાને આપણે લઇએ તો તેમાં હજારો શબ્દો મળી આવશે. પણ બધાજ શબ્દોનું કાર્ય એકસરખુ નથી હોતું. કોઇ શબ્દ દ્વારા ક્રિયા દર્શાવાય છે તો કોઇ શબ્દ કોઇ વસ્તુ દર્શાવતો હોય છે. જ્યારે કોઇ શબ્દ બીજા શબ્દને જોડે છે. આ મકાન બાંધવા જેવું કાર્ય છે. આપણે મકાન બાંધીએ છીએ ત્યારે આપણે પાયાને મજબૂત કરવા માટે સિમેંટનો ઉપયોગ કરીએ છીએ. દિવાલો બાંધવા
ઈંટ અને સિમેંટનો ઉપયોગ કરીએ છીએ. લાકડાંનો ઉપયોગ કરીને દિવાલોમાં બારીઓ અને બારણા

મૂકીએ છીએ. આમ, એક ઇમારતના દરેક ભાગનું કાર્ય હોય છે. આજ રીતે આપણે વાક્ય બનાવવા જઇએ છીએ ત્યારે વિવિધ શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. આમ, વાક્ય બનાવવા દરેક પ્રકારના શબ્દે પોતાના હિસ્સે આવતું કાર્ય કરવાનું હોય છે. અને ત્યારે જ એક અર્થપૂર્ણ વાક્ય બને છે.

જે નિયમો દ્વારા આપણે શબ્દોને અર્થપૂર્ણ રીતે ગોઠવીએ છીએ તેને આપણે Sentence Patterns એટલે કે વાક્યરચના તરીકે ઓળખીએ છીએ. વિવિધ શબ્દોનો ઉપયોગ આપણે વાક્યમાં ક્યાં કરીએ છીએ તે પ્રમાણે તેનો અર્થ નિષ્પન્ન થાય છે. આ શબ્દોનો વાક્યમાં ઉપયોગ થાય છે ત્યારે તેનો ઉપયોગ તેના કાર્ય અને સંદર્ભ મુજબ થાય છે. ઉદાહરણ સ્વરૂપે આપેલાં નીચેના વાક્યો જોઇએ તો ખ્યાલ આવશે કે તે શબ્દનું કાર્ય તે વાક્યમાં શું છે.

1.

The running man was
late for work. (Adjective – વિશેષણ)

2.

Running is good for
the body. (Noun – નામ)

3.

I was running for
the bus when I saw it. (Present participle –વર્તમાન કૃદંત)

Run ક્રિયાપદનો
ઉપયોગ આ વાક્યમાં વિશેષણ, નામ અને ક્રિયાપદ ( વર્તમાન કૃદંત) તરીકે થયો છે. તે શબ્દનો ઉપયોગ થયો છે ત્યાં તેનું સ્થાન શું છે તેનો ખ્યાલ આવી જાય છે.

આમ, આપણે શબ્દનું કાર્ય શું છે તે જાણતાં હોઇશું તો જ તેને બોલવામાં, લખવામાં કે વાંચવામાં સમજી શકીશું. જેમકે 'Strong' શબ્દ ઉચ્ચારણ તરીકે લઇએ તો તે એક વિશેષણ

છે જેનો અર્થ થાય છે બળવાન, શક્તિમાન. તેનું નામ (strength –તાકાત ) અને ક્રિયાપદ ( strengthen – બળવાન બનવું, શક્તિવાન બનવું) આ શબ્દોનો કેવી રીતે ઉપયોગ કરવો એ સમજવું ખુબ જ જરૂરી બને છે.

શબ્દભંડોળના પ્રકાર :

સામન્ય રીતે ભાષાશાસ્ત્રીઓ શબ્દભંડોળને બે વિભાગમાં વંહેચે છે

1) વ્યવહારિક શબ્દભંડોળ

2) બોધપરિક્ષક શબ્દભંડોળ

1) વ્યવહારિક શબ્દભંડોળ – Active or reproductive vocabulary:

આ પ્રકારના શબ્દભંડોળને મિત્ર સક્રિય કે વાયર શબ્દભંડોળ તરીકે પણ ઓળખવામાં આવે છે જે શબ્દોનો બાળક પોતાના દૈનિક જીવનમાં ઉપયોગ કરે છે. જેની ઉપર નિપૂર્ણતા મેળવવા તે ખાસ પ્રયત્ન કરે છે, જે શબ્દોને વ્યવહારમાં વારંવાર વાપરે છે અને જેનાથી એ પોતાના વિચારો સારી રીતે રજૂ કરે છે. Example: go, back, welcome, good morning, by – by, sit down, stand up વગેરે. આ શબ્દોનો ઉપયોગ કરવામાં બાળકને વિચાર કરવો પડતો નથી જે બાળકની વાણીમાં સહજ રીતે વણાઇ ગયા હોય છે

અને વારંવાર તેના અનુભવમાં આવતા હોય છે.તેવા પ્રકારના શબ્દો સમાવેશ આ પ્રકારમાં થાય છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

2) બોધ પરીક્ષક શબ્દભંડોળ (Passive or recognition vocabulary) :

આ પ્રકારનાં શબ્દભંડોળને પરિચિત, નિષ્ક્રિય કે પારક શબ્દભંડોળ તરીકે ઓળખવામાં આવે છે. જે શબ્દો બાળક સમજે છે પરંતુ પોતાના રોજ-બરોજના વ્યવહારમાં તેનો ઉપયોગ કરતા નથી. તેનો ઉપયોગ કોઇ એક વિષયને સમજવા પૂરતો મર્યાદિત રાખે છે. તેવા શબ્દોનો સમાવેશ આ પ્રકારમાં થાય છે. Example: input, output, profit, tax, benefit વગેરે. આવા શબ્દોથી બાળકો ઘનિષ્ટ રીતે પરિચિત હોતા નથી પણ માત્ર પરિચિત હોય છે. વધુ અભ્યાસ અને વારંવારના પરિચયમાં આવવાથી પરિચિત શબ્દો પણ મિત્ર શબ્દનું સ્થાન લઇ લે છે.

થોર્નડાઇક અને ડૉર્નલી એ શબ્દભંડોળને ચાર વિભાગમાં વહેચ્યું છે.

1) અનિવાર્ય શબ્દો (indispensable words) :

સમજવાં, વાંચવાં, બોલવાં તથા લખવાનાં અર્થમાં પ્રયોજાતા શબ્દોને આ વિભાગમાં મૂક્યા છે.

2) આવશ્યક શબ્દો ( Essential words) :

બોલવાં, સમજવાં, તથા વાંચવાના અર્થમાં પ્રયોજાતા શબ્દોને આવશ્યક શબ્દો કહ્યાં છે.

3) ઉપયોગી શબ્દો (Useful words) :

વાંચવાં અને સમજવાં પૂરતાં કામમાં આવતા શબ્દોને ઉપયોગી શબ્દોની હરોળમાં મૂક્યા છે.

4) વિશેષ શબ્દો (Special words) :

સાહિત્યિક કે ઇતર વાંચનમાં ઉપયોગી થતા શબ્દોને વિશેષ શબ્દોનું નામાભિધાન કરેલ છે. શબ્દનો યોગ્ય ઉપયોગ છે.

શબ્દભંડોળ
નું મહત્વ :

કોઇપણ ભાષાનો ઉપયોગ કરતી વખતે શબ્દભંડોળ તે ભાષાની કરોડરજ્જુ હોય છે. આપણે વાતને રજૂ કરવી હોય તો ફક્ત ઇશારાના ઉપયોગથી કદાચ રજૂ કરી શકીએ પણ તેના મૂળ હાર્દને અભિવ્યક્ત કરવા કે રજૂ કરવા માટે પ્રથમ જરૂરીયાત શબ્દનો યોગ્ય ઉપયોગ છે. શબ્દ શું છે? તેનો ઉપયોગ શું છે? તે ખબર ન હોય ત્યાં સૂધી આપણે તે શબ્દનો યોગ્ય રીતે ઉપયોગ ન કરી શકીએ. ભાષાને સમજવા માટે શબ્દભંડોળ એ પાયાની બાબત છે. કારણકે ભાષાના શબ્દભંડોળ પરથી એની સંસ્કારીતાનું માપ કાઢી શકાય.

“ભાષાનું શબ્દભંડોળ તે ભાષા બોલનાર સમાજના પુરૂષાર્થનું પ્રતીક છે. પોતાની ભાષાનું સ્વત્વ જાળવીને અન્ય ભાષાઓનાં આદાન-પ્રદાન દ્વારા શબ્દ-સમૃધ્ધિ વધારી શકાય”

આમ, શબ્દભંડોળ હશે તો વિચારોને સમજવાનું સરળ બનશે અને પોતાના વિચારોને તાર્કિક રીતે રજૂ કરી શકાશે.

ઉપસંહાર

કોઇ પણ ભાષાનો વ્યવહાર ધ્વનિ ઘટકો વડે થાય છે. આ ધ્વનિઘટકના સંયોજનથી શબ્દો બને છે. અને આ શબ્દોની ઉચિત મેળવણીથી શબ્દનો અર્થ નિષ્પન્ન થાય છે. આ શબ્દ વિષયક સજ્જતા એટલે શબ્દભંડોળ. આમ શબ્દભંડોળ એ ભાષાવિકાસનું મહત્વનું અંગ છે. તે વ્યક્તિની ભાષા સમૃધ્ધિનું સૂચક છે.

VIDHYAYANA

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

સંદર્ભસૂચિ:

1. ભાષા વિવેક. (2010); ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર, ગુજરાત.

2. અંગ્રેજી પાઠ્યપૂસ્તક – ધોરણ-8; ગુ.શા.પા.પૂ.મ, ગાંધીનગર, ગુજરાત

3. પંકજકુમાર કે. બારૈયા, ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે હિન્દી ભાષા શક્તિ કસોટીની રચના અને પ્રમાણિકરણ (2010), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

4. ગુજરાતીનું અભિનવ અધ્યાપન (2010); નિરવ પ્રકાશન.